ગાંધીનગર સમાચાર
તા. ૯-૧-૨૦૧૪, ગુરૂવાર

તંત્રી સ્થાનેથી....

રાજધાનીની પ્રજાને રાજકારણ કરતાં 'રામકારણ'માં વધારે રસ છે

ચૂંટણી નજીક આવતી જાય છે એમ રાજકીય પક્ષો પોતપોતાનાં સોગઠાં ગોઠવતા જાય છે. ગાંધીનગર કયારેય નહોતું એટલું ચર્ચાવા લાગ્યું છે કારણ કે ગુજરાતના મુખ્યમંત્રી પોતે ભવિષ્યના વડાપ્રધાન હોય એવું વાતાવરણ સર્જવામાં વ્યસ્ત છે. હવે એકાદ મહિના પછી તો દેશ આખો ચૂંટણી જવરથી પીડાવા લાગશે, જેનો આગોતરો અણસાર છેલ્લી વિધાનસભાની ચૂંટણીઓ દરમિયાન જ પ્રજાએ જોઈ લીધો છે. કોંગ્રેસને એના પગ નીચેથી સરકી રહેલી સત્તાની ચાદર યેન કેન પ્રકારેણ પકડી રાખવી છે. ભાજપ કોઈપણ ભોગે, ગમે તેવાં સમાધાનો અને જોડાણો રચીને 'યુપીએ' પાસેથી સત્તા છીનવી લેવા માગે છે. બે મુખ્ય રાજકીય પરિબળો વચ્ચેની હૂંસાતૂંસીમાં પ્રાદેશિક પક્ષો ઉપરાંત નવું મેદાનમાં આવેલું આમ આદમીવાળું પરિબળ પણ નજર અંદાજ કરવા જેવું નથી. નરેન્દ્ર મોદીની લડાઈ હવે ડૉ. મનમોહનસિંહ કે સોનિયા ગાંધી સામે નથી રહી. એમની સામે જે બે ચહેરા ઊપસી રહ્યા છે એમાં અરવિંદ કેજરીવાલ હજી નવા-સવા છે અને એમની પાર્ટી પાસે રાષ્ટ્રવ્યાપી માળખું નથી, પણ ૧૨૫ વર્ષ જૂની કોંગ્રેસ તરફથી એના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી એમની અનેક મર્યાદાઓ છતાં મોટો પડકાર ઊભો કરી રહ્યા છે. મોદીને માત આપવા એમણે અદ્યતન પ્રચાર ઝુંબેશના શ્રીગણેશ કરી દીધા છે. ઉપલબ્ધ તમામ માધ્યમોનો બેઉ પક્ષે ભરપૂર ઉપયોગ, દુરુપયોગ અને વિનિયોગ થવાનો છે. મોદી વિકાસના નામે પ્રચાર કરે છે, શિક્ષણની રાષ્ટ્રીય શિખર પરિષદ યોજે છે, સરદારની આભ ઊંચી પ્રતિમા માટે દેશભરમાંથી લોહું અને માટી ઉઘરાવી રહ્યા છે તો સામે પક્ષે રાહુલ ગાંધી હવે પરિવારનું અંતિમ કાર્ડ ઊતરી રહ્યા છે. ઈંદિરા ગાંધીની પ્રતિકૃતિ જેવાં દેખાતાં પ્રિયંકા ગાંધી એકાએક સક્રિય બની ગયાં છે. રાહુલબાબાના ઈમેજ બિલ્ડિંગ માટે અઢળક નાણાં રેલાવાશે. મોદીએ જ એમને એ લાઈન આપી છે. એમણે વિદેશી કંપનીઓ મારફત પોતાની છવિને વૈશ્વિક આયામ અર્પી ચમત્કાર સર્જયો છે. કયારેય, કોઈ પણ રાજકીય નેતાએ આવી રીતે પોતાનું સેલ્ફ-માર્કેટીંગ કર્યું હોય એવું જાણમાં નથી. ચીમનભાઈ પટેલ જેવા મોટા ગજાના વિચક્ષણ નેતાનું તત્કાલીન કેન્દ્ર સરકારમાં ઘણું ઊપજતું હતું છતાં એમણે પોતાની જાતને ગુજરાત પૂરતી મર્યાદિત અને સમર્પિત રાખી હતી. મોદીને હવે ગુજરાત નાનું પડે છે. સ્વાભાવિક છે: બાર-તેર વર્ષ એકના એક બીબામાં બેસી રહેવાનું એમના જેવા મહત્ત્વાકાંક્ષી નેતાને ન જ ફાવે. કંટાળો જ આવે. બીબાઢાળ જીવનશૈલીમાં માણસને થોડો 'ચેન્જ' પણ જરૂરી લાગતો હોય છે. પરંતુ ગાંધીનગરની પ્રજાને રાજકારણના આ તાયફા ખાસ ગમતા નથી.

મહાત્મા મંદિરમાં છાશવારે યોજાતા સેમિનારો કે શિખર પરિષદો પ્રત્યે એને એક પ્રકારની ઉદાસીનતા થઈ ગઈ છે. નાછૂટકે જ હાજરી આપવી પડે તો એમાં એ ગણવેશ સાથે હાજરી જરૂર પુરાવે છે, પરંતુ એમાં એનો જીવ નથી ચોંટતો. સામાન્ય ગણાતા માણસો દ્વારા કોઈપણ પ્રકારની વિશેષ જાહેરાત વગર કરાતાં ધાર્મિક આયોજનોમાં પ્રજાને વિશેષ રસ પડે છે. ગીતા, ભાગવત, રામાયણ કે શિવપુરાણની કથાવાર્તા અને પ્રવચનોમાં એ ઉમળાભેર ઊમટી પડે છે. રાજધાનીના આમ આદમીને રાજકારણ કરતાં રામકારણમાં વધારે રસ પડે છે. આજકાલ સેકટર-૪માં ચાલતી શિવકથાના વક્તા પૂ. કનૈયાલાલ મહારાજ સરકારી પ્રેસના કર્મચારી છે, પરંતુ એમને પૂ. ડોંગરે મહારાજના આશીર્વાદ પ્રાપ્ત થયેલા છે. ડોંગરે મહારાજ સ્વયં ભાગવત સ્વરૂપ સંતપુરુષ હતા. એમના માનવસપુત્ર સમા કનૈયાલાલજી છેલ્લાં ઘણાં વર્ષોથી દેશ આખામાં રામકથા, શિવકથા અને ભાગવતની કથા કરતા ફરે છે. કોઈપણ મોટા કથાકાર સામે ટકી શકે એવી એમની વાણી અને પ્રતિભા છે. આજે જયારે મૂલ્યોનું ધોવાણ થઈ ગયું છે અને ધર્મક્ષેત્ર કે ન્યાયપાલિકા સુધ્ધાં એનાથી બાકી નથી રહ્યાં ત્યારે આવી કથાઓ દ્વારા જનસાધારણને એક પ્રકારનું આશ્વાસન સાંપડે છે. શાશ્વત જીવનમૂલ્યોને ઉજાગર કરતા રહેતા આવા ઘરદીવડાઓથી ગુજરાત રળિયાત છે. ગાંધીનગરમાં જ આવા કથાકારોની એક ઉજ્જવળ ટીમ તૈયાર થઈ ગઈ છે. સેકટર-૧માં આશ્રમ ધરાવતાં પૂ. ગુરુમાં યોગી રામદાસ, ભારતીબાપુ, કર્ણવ જોષી નામો સહેજે સ્મરણે ચડે.

અંગ્રેજી બોલનારાઓ અન્યો કરતાં ૩૪ ટકા વધુ કમાણી કરી લે છે

તાજેતરમાં કરવામાં આવેલા એક સર્વેમાં આ વાત બહાર આવી છે કે રોજગારી અને કયાં માધ્યમમાં અભ્યાસ કર્યો છે તે વાતનો સીધો સંબંધ છે

ગાંધીનગર, તા. ૮

તમારા બાળકને કયા માધ્યમમાં અભ્યાસ કરવા મુકવોતેની ગડમથલમાં હોવ તો તાજેતરમાં કરવામાં આવેલા એક સર્વે પર અવશ્ય નજર નાંખી લેજો. આ સર્વેમાં બહાર આવ્યું છે કે અન્ય માધ્યમો કરતાં અંગ્રેજી માધ્યમાં અભ્યાસ કરનાર અને કડકડાટ અંગ્રેજી બોલનાર લોકો અન્યો કરતા ૩૪ ટકા વધુ કમાણી કરે છે.

અંગ્રેજી માધ્યમ અને માતૃભાષામાં શિક્ષણ બાબતે હંમેશા ચર્ચાઓ ચાલે છે. ગુજરાતમાં તો ગુજરાતી ભાષાનો નાશ થઈ જશે તેની દુહાઈ આપી ગુજરાતી માધ્યમમાં બાળકને અભ્યાસ કરાવવો જોઈએ તે બાબત પર ભાર મુકવામાં આવે છે પરંતુ અંગ્રેજીનો પ્રભાવ વધી રહ્યો છે તેમાં કોઈ બેમત નથી. અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરનારાઓ અને કડકડાટ અંગ્રેજી બોલનારાઓનું ભવિષ્ય વધુ ઉજ્જવળ હોવાની વાતને તાજેતરમાં કરવામાં આવેલા એક સર્વેમાં પુષ્ટિ મળી છે. જો કે ઉત્તર ભારતના રાજયો ખાસ કરીને યુપી અને બિહારમાં ૨૫ ટકાથી પણ ઓછા બાળકો અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરે છે જયારે દક્ષિણમાં આ પ્રમાણ ૭૫ ટકા જેટલું છે. અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતા બાળકોનો સરેરાશ વાર્ષિક શૈક્ષણિક ખર્ચ રૂ. ૮ થી ૧૫ હજાર થાય છે જયારે ભારતીય ભાષામાં મેળવવામાં આવતો શિક્ષણ પાછળ વાર્ષિક ખર્ચ માત્ર રૂ. ૧૨૦૦થી ૩૦૦૦નો થાય છે. બાળકને અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરાવવા માટે વાલીઓ જે ખર્ચ કરે છે તે પાછળ જતા એળે જતો નથી કારણ કે તેઓનું કારકીર્દી ઘડતર વધુ સારી રીતે થાય છે અને તેઓ વધુ પગાર મેળવે છે. સેન્ટર ફોર રીસર્ચ એન્ડ ડીબેટસ ઈન ડેવલપમેન્ટ પોલીસી, નવી દિલ્હીના ડૉ. અબુ સાલેહ શરીફ અને નેશનલ કાઉન્સિલ ફોર એપ્લાઈડ ઈકોનોમીક રીસર્ચના અમીત શર્માએ તાજેતરમાં કરેલા સર્વેમાં એ વાત બહાર આવી છે કે જે યુવાનો કડકડાટ અંગ્રેજી બોલે છે તેઓને અન્યો કરતા ૩૪ ટકા વધુ પગાર મળે છે. ભારતમાં માત્ર ૨૦ ટકા લોકો જ અંગ્રેજી બોલી શકે છે. તેમાંથી ૪ ટકા લોકોજ કડકડાટ અંગ્રેજી બોલી શકે છે. જેઓએ અંગ્રેજીમાં શિક્ષણ મેળવ્યું છે અને જે કડકડાટ અંગ્રેજી બોલી શકે છે તેમને આંતરરાષ્ટ્રીય કંપનીઓમાં વધુ સારી ઓફર મળે છે.

ગાંધીનગર ખાતે પુસ્તકોની પરબનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર ખાતે તા. ૫-૧-૨૦૧૪ રવિવારના દિવસે પુસ્તકોની પરબનો નવતર કાર્યક્રમ યોજાયો હતો. માતૃભાષા અભિયાન અંતર્ગત શિયાળાની સવારે ૬-૪ સર્કલ ખાતે યોજાયેલી આ પુસ્તક-બરબનો મોટી સંખ્યામાં સાહિત્યરસિકો-પુસ્તકપ્રેમીઓએ લાભ લઈ પુસ્તકોનું આદાન-પ્રદાન કર્યું હતું. મુલાકાતીઓને બે પુસ્તક ભેટમાં એ રીતે ૨૫૦ ઉપરાંત પુસ્તકો ભેટમાં આપવામાં આવ્યા હતા. તો સામે ૧૨૦ જેટલાં પુસ્તકો દાન-ભેટમાં પ્રાપ્ત થયાં હતાં.

આ પુસ્તક પરબની મુલાકાતે ગાંધીનગરના પુસ્તક-વાંચનપ્રેમીઓ સારી સંખ્યામાં જોડાયા હતા. યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના સચિવ અને જાણીતા કવિ શ્રી ભાગ્યેશ જહા, સર્વશ્રી ડૉ. રશ્મિકાંત મહેતા, મહેન્દ્રભાઈ દવે, કલ્પતરૂના શ્રી કમલકિશોર જૈન વગેરે મહાનુભાવોએ મુલાકાત લઈ અભિગમને આવકાર્યો હતો. ગૃહિણીઓ, વિદ્યાર્થીઓ, વ્યાવસાયિકો, બેંક અધિકારી, સાહિત્યકારો વગેરેએ મુલાકાત લીધી હતી.

પુસ્તકની પરબના આયોજન માટે સર્વશ્રી રાજેન્દ્ર પટેલ (સાહિત્ય પરિષદના ઉપપ્રમુખ અને માતૃભાષા અભિયાનના કાર્યવાહક), પ્રજ્ઞા પટેલ, કિશોર જિકાદરા, આશા સરવૈયા, સુધા શુકલ, પ્રો. દક્ષા ભાવસાર, ઉમાબા સોલંકી, સુરેશ પારધી વગેરેએ સારો સહયોગ આપ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, દર મહિનાના પહેલા રવિવારે સવારે પુસ્તક પરબનું આયોજન કરાનાર છે.

ગણપત યુનિવર્સિટીનો સાતમો પદવીદાન સમારોહ યોજાશે

કુલ ૨૬૨૩ વિદ્યાર્થીઓને પદવીઓ એનાયત કરાશે

ગાંધીનગર, તા. ૮

મહેસાણા જિલ્લાના ખેરવાની ગણપત યુનિવર્સિટીનો સાતમો પદવીદાન સમારોહ તા. ૧૧મી જાન્યુઆરીએ યોજાનાર છે. આ પદવીદાન સમારોહમાં કુલ ૨૬૨૩ વિદ્યાર્થીઓને પદવીઓ એનાયત કરવામાં આવશે.

પુરાણા સમયમાં આનર્ત પ્રદેશ તરીકે પ્રસિદ્ધ વિસ્તારની એકમાત્ર ખાનગી વિશ્વ વિદ્યાલય ગણપત યુનિવર્સિટીના ૨૬૨૩ તેજસ્વી વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવનાર છે. આ પદવીદાન સમારોહમાં નવી દિલ્હીની એ.આઈ.સી.ટી.ઈ.ના ચેરમેન પ્રો. એસ.એસ. મંથા અને પેટ્રન-ઈન-ચીફ ગણપતભાઈ પટેલની ઉપસ્થિતિ રહેશે.

ગણપત યુનિવર્સિટી ઉત્તર ગુજરાતમાં કોટિની ટેકનોલોજીનું શિક્ષણ આપતી સંસ્થા છે જે યુજીસી અંતર્ગત માન્યતા પ્રાપ્ત સંસ્થા છે. આ યુનિવર્સિટી ફાર્મસી, એન્જીનીયરીંગ, કોમ્પ્યુટર, વિજ્ઞાન, શિક્ષણ, મેનેજમેન્ટ અને સામાજિક વિદ્યાશાખાઓ જેવી સાત ફેકલ્ટીઓ દ્વારા તેમજ તેની અંગભૂત સંસ્થાઓ દ્વારા ૯૦૦૦ જેટલા વિદ્યાર્થીઓને ઉચ્ચ કોટિનું શિક્ષણ આપે છે.

કડી કેમ્પસમાં કુદરતી ઉપચાર તજજ્ઞ મુકેશ પટેલનું જાહેર પ્રવચન યોજાશે

ગાંધીનગરના સેકટર-૨૩માં કડી કેમ્પસમાં ખીમજી વિશરામ હોલ ખાતે તા. ૧૦મી જાન્યુઆરી સોમવારે જાણીતા કુદરતી ઉપચાર તજજ્ઞ મુકેશ પટેલનાં જાહેર પ્રવચનનો કાર્યક્રમ યોજાનાર છે. તન અને મનની તંદુરસ્તી જાળવવા માટે આ કાર્યક્રમમાં અનેક ઉપયોગી માહિતી પીરસવામાં આવનાર છે. સમયમાં જયાં માનસિક તણાવનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે કુદરતી ઉપચાર અંગેની નેચરોપેથી તરફ લોકોનું આકર્ષણ વધી રહ્યું છે. લોકોને કુદરતી ઉપચારો અંગે જાગૃતિ કેળવવા પ્રયત્ન કરવામાં આવનાર છે.

હરિની દૃષ્ટિ...

આ શું લેવા ભુમો પાડે છે..?? બધાને બધી ખબર છે...!!

કુ. સૃષ્ટિ રાણાએ દિલ્હી ખાતે યોજાયેલ ૫૯મી નેશનલ સ્કૂલ ગેમ્સમાં માર્શલ આર્ટમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર સેકટર-૨૩ની સ્વામિનારાયણ હાઈસ્કૂલ, ધોરણ-૯માં અભ્યાસ કરતાં કુ. સૃષ્ટિ હેમાંગ રાણાએ તારીખ રજી જાન્યુઆરીથી તા. ૮મી જાન્યુઆરી દરમ્યાન દિલ્હી ખાતે યોજાયેલ ૫૯મી નેશનલ સ્કૂલ ગેમ્સ સ્પર્ધામાં ભાગ લઈ જીત-કુને-ડો માર્શલ આર્ટ સ્પર્ધામાં ભાગ લઈ સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો છે.

વધુમાં તાજેતરમાં યોજાયેલ ખેલ મહાકુંભ-૨૦૧૩માં ટેકવાનડો સ્પર્ધામાં પણ રાજય કક્ષાએ ભાગ લઈને બીજો નંબર મેળવીને સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ છે. કુ. સૃષ્ટિએ તેના ઉત્કૃષ્ટ પ્રદર્શન દ્વારા શાળા તથા શહેરનું ગૌરવ વધારેલ છે.

સોની હાઈસ્કૂલ ખાતે ઉત્તરાયણ પર્વે સલામતી જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૮

સોજાની શેઠ એચ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલમાં ઉત્તરાયણ પર્વનિમિત્તે સલામતી જાળવવા જાગૃતિ અભિયાન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

કલોલ તાલુકાના સોજા ગામની હાઈસ્કૂલમાં ઉત્તરાયણના તહેવાર દરમ્યાન બનતા અકસ્માતો ન બને તે માટે સલામતી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશનના અધિકારીગણ ઉપસ્થિત રહી સાવચેતીના પગલા જણાવ્યા હતા.

વિદ્યાર્થીઓ પતંગ ચગાવતી વખતે તેમજ દોરીથી થતા નુકશાન અંગે સમજ આપવામાં આવી હતી. ચાઈનીઝ દોરીનો ઉપયોગ અટકાવવો જોઈએ. ટેરેસ ઉપરની પાળી પર ચઢી પતંગ ન ચગાવવો જોઈએ વીજ લાઈનથી દૂર રહેવુ જોઈએ સહિતના પગલા જણાવ્યા હતા.

ભાવનગરની શિશુ વિહાર સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓ વચ્ચે શબ્દનું મોરપિંચ્છ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૮

ભાવનગરની શિશુ વિહાર સંસ્થા દ્વારા સ્વ. અંજન ભરતભાઈ પંડયાની સ્મૃતિમાં મહાનગરપાલિકા સંચાલિત પ્રાથમિક શાળાના બાળકો સાથે ચોથા વર્ષે 'શબ્દનું મોરપિંચ્છ' કાર્યક્રમ યોજાયો હતો.

ભાવનગરની શિશુ વિહાર સંસ્થા બાળકો માટે સેવાભાવી કાર્ય કરે છે. જેમાં તાજેતરમાં બાળ પુસ્તકાલયના ૨૮૦૦૦થી વધુ બાળવાંચકો માટે સતત ચોથા વર્ષે 'શબ્દનું મોરપિંચ્છ' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે વિદ્યાર્થીઓને બાળ પુસ્તકો અર્પણ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ધો-૧ થી ૮ના વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં હાર્દિક પરમાર અને ધવન અંધારિયાના ચિત્રોને શ્રેષ્ઠ ચિત્ર તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

સજન રે જૂઠ મત બોલો, ખુદા કે પાસ જાના હૈ?

વિચારોનાં મધુવનમાં

પ્રા. ડૉ. રાકેશ પટેલ

ભીડમાં ગમતી વ્યક્તિનો જરાક સ્પર્શ આસમાની બની શરીરમાંથી મનમાં પ્રવેશી જાય છે અને ન ગમતી વ્યક્તિનો પડછાયો આકરો પીડા આપી જાય છે! શું ગમવું અને ન ગમવું? કોઈને મળીને આનંદ થાય તો કોઈ ક્યારે જાય તેની રાહ જોતા હોઈએ છીએ... તેની પાછળનું શું કારણ? ચમકારા મારતાં સૂરજને જોવાનું મન થાય તેમ તેજસ્વી અને આકર્ષક વ્યક્તિઓને મળવાની હંમેશા દરેકને તલપ લાગે છે. પણ તે તેજની પાછળ કઈ શક્તિ કામ કરી જાય છે? તેની અંદર રહેલ ઉચ્ચતા તરફની ગતિ કે સંધાન જ. તે તેજ પાછળ હોય છે કોઈ ધ્યેયના પ્રેમમાં પડવાની લગન.

પ્રેમ-વાનગીની થાળી તૈયાર કરનારાઓમાં ખલિલ જિબ્રાન મોખરે છે તેણે પ્રેમની અજબ અને અસ્ખલીત વ્યાખ્યા આપી છે. 'પ્રેમ તમને ઈશારો કરે, ત્યારે તેની પાછળ જજો, જો કે તેના માર્ગો વિકટ અને ઉભા છે, અને જયારે તે પોતાની પાંખોમાં તમને સમાવવાં આવે, ત્યારે તેને વશ થજો, જો કે એનાં પડખાંમાં છુપાઈ રહેલ તલવારનાં તમને ઘાવ લાગે . અને જયારે તે તમારી જોડે બોલે, ત્યારે તેમાં શ્રદ્ધા, મુકજો કે જેમ ઉત્તર દિશાનો પવન બગીચાઓને બાળી નાખે છે, તેમ એના શબ્દો કદાચ તમારાં સ્વપ્નોનો નાશ કરી નાખે.'

કોઈક સ્વપ્ન માટે જાનસટોસટની બાજી લાગાવનારો જ સાચા પ્રેમની અનુભૂતિ કરી શકે. સજન સામે હોય અને તેનાં સ્વપ્નોને જીવી બતાવવાં એમાં કોઈ 'અજબપ્રેમની ગજબ કહાની' નથી. સજન દૂર અને દુર્લભ લાગતો હોય છતાં તેની સાથે વિપ્રલંભી પ્રેમી બની જોડાયેલા રહેવું તેમાં શૌર્ય છે. એક સમય એવો હતો કે બે જીવોને મળવા માટે અનેક આયોજનો, મિત્રોનો સહકાર અને પરાક્રમવૃત્તિની જરૂર પડતી. આજની વાત જુદી છે. ટેકનોલોજીએ સહજ મળવાની તક ઉભી કરી આપી પણ મીઠી યાદોને સહારે ચાંદની રાતનો ઉજાગરો વેઠવાની તક ઝૂંટવી લીધી. રાહ જોયા પછીની ખુશીની કિંમત કંઈક અલૌકિકતા આપી જાય છે.

ન્યૂટનનાં જીવનની રસમયી ઘટના માણવા જેવી છે. જેના પ્રેમમાં હતા એ યુવતીની હથેળીમાં નજાકતથી હથેળી પરોવી ન્યૂટન લહેરમાં ઉભા થતાં. પણ તેમનાં મનમાં 'બિનોમિયલ થિયરમ'ની ભાંડગડ ચાલતી હતી. વિચારોમાં ખોવાયેલ ન્યૂટને પ્રેમિકાની આંગળીને તમારુ પીવાની પાઈપ સાફ કરવાની સ્ટીલની સળી સમજયાં. એમણે આંગળી ઊંચી કરી પાઈપમાં નાખી અને સાફ કરવા માંડ્યા. પ્રેમિકાને પીડા થવા લાગી અને જયારે પીડાથી એ ચીસ પાડી ઉઠી ત્યારે જ ન્યૂટનનું ધ્યાન ગયું અને પોતાની ભૂલ સમજાઈ.

માણસ જન્મે છે ત્યારે માતા તરફથી મળતો પ્રેમ એ જ એની આજીવન મૂડી છે. પિતાનો પ્રેમ એ મૂડીને સુરક્ષિત રાખનાર બને છે. ગુણવંત શાહ કહે છે, 'મનુષ્યના આરોગ્ય અને આયુષ્યનો આધાર પ્રેમાળ સંબંધો પર અવલંબે છે એમ કહીએ તો આપણું કોણ માને? પરેદશમાં થયેલાં અને સંશોધનોમાં એવું જણાયું છે કે પાળેલાં પશુઓને પ્રેમથી વહાલ કરનારા મનુષ્યો વધારે જીવે છે. 'લવ' શબ્દ હવે અંગ્રેજી ન જાણનારાઓને પણ પારકો નથી લાગતો. લવ ઈઝ પાવર, લવ ઈઝ ગોડ. પ્રેમની પૂજા એ જ પ્રભુની પૂજા છે. પ્રેમશૂન્ય આસ્તિક કરતા પ્રેમયુક્ત નાસ્તિક વધારે સારો.

જીવન હોવાની પૂર્વ શરત ભલે ઓક્સિજન હોય, પણ બીજી શરતથી દસમી શરત સુધી આનંદની જ છે. તેની વ્યાખ્યા ન હોવા છતાં વાત કરવી હોય કહી શકાય કે ચાહી શકાય તેવા જીવ માત્ર સાથએનો નિર્ભેળ સંબંધ. કોઈના ચહેરા પર રાજીપો ઘડીકમાં આવીને અલોપ થઈ જાય તો સમજો કે તે કોઈ રૂપાળી વસ્તુ પર મોહી પડયો છે. પણ કોઈ વ્યક્તિને પોતાની કરી શકયો હશે તો તેની ખુશી પૂનમ જેવી હશે. શિયાળો જામતો જાય પછી ઉનાળાની ચિંતા કરવાની જરૂર ખરી?

એક પદથી વાકય નથી બનતું, જીવનરૂપી નૌકાને બે હલેસા જરૂરી છે તેમ જીવનનું ઈંધણ પ્રેમની ટાંકીમાંથી મળતું રહે છે. એક સાધુની ઝોળીમાં પ્રેમની કણક અને મસ્તીનો ખજાનો ન હોય તો તે માંગનારથી વિશેષ બની શકતો નથી. ફિલ્મોમાં પ્રેમની અભિવ્યક્તિ શકય નથી. 'રામલીલા' માં દર્શાવેલ પ્રેમ સંજયલીલાની સો કરોડમાં સામેલ થવા માટેનો ભૂખવાળો નથી લાગતો? ભારતીયામાં પ્રેમ નિહિત છે તેને લીલાનો આધાર જરૂર નથી. કારણ કે જીવન કોઈ એક પરિમાણીય ઘટના નથી.

વિચારકો કહે છે કે, માણસનું ભૂમિ સાથેનુંજોડાણ જો તૂટી જાય તો તે એવી જિંદગી જીવતો થઈ જાય છે જે તેને મશીની બનાવી જાય છે. ફ્લેટમાં રહેતો માણસ લગભગ જમીનથી અધ્ધર થઈ જીવવા ટેવાઈ જાય છે. બને છે એવું કે પછી તે ફૂલોની અને માટીની સુગંધથી અલિપ્ત બની પર્ફ્યુમની આસપાસ આંટા મારતો થઈ જાય છે. તેના મનોગતમાં એવી ભ્રમણા ઉભી થાય કે હું વિકસીત થઈ રહ્યો છું. બાલકો એક સ્વચ્છ જીંદગી જીવી રહ્યા છે. પરિવાર સુખને બાથમાં લઈ આગળ જઈ રહ્યો છે. હકીકતમાં તે શરીર અને મનથી ગરીબ બની વિશેષ સુવિધાવાળી હોસ્પિટલનો દર્દી બની રહે છે.